આંક–૧ લગત હુકમ

૧. હાલના કેસનુ રેકર્ડ ધ્યાને લેતા સી.આર.પી.સી.કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફસ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂદ્ધ મોટર વીહીકલ એક્ટની કલમ–૧૮૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામ સને–......વર્ષનુ છે. આજરોજ સ્પે. સીટીંગ સંદર્ભે આ કેસ હાથ પર લેવામાં આવતા જણાઈ આવેલ છે કે, આ કામે આરોપી ઉપર મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ અન્વયેના ગુન્હાનો આક્ષેપ છે. જેથી મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ ધ્યાને લેતા તે નિચે મુજબ છે.

**185. Driving by a drunken person or by a person under the influence of drugs.**

Whoever, while driving, or attempting to drive, a motor vehicle –
(a) has, in his blood, alcohol exceeding 30 mg. Per 100 ml. of blood detected in a test by a breath analyser, or
(b) is under the influence of a drug to such an extent as to be incapable of exercising proper control over the vehicle. shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to two thousand rupees, or with both; and for a second or subsequent offence, if committed within three years of the commission of the previous similar offence, with imprisonment for a term which may extend to two year, or with fine which may extend to three thousand rupees, or with both. Explanation – For the purposes of this section, the drug or drugs specified by the Central Government in this behalf, by notification in the Official Gazette, shall be deemed to render a person incapable of exercising proper control over a motor vehicle.

૩. સી.આર.પી.સી કલમ–૪ મુજબ ભારતના ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે અને કલમ–૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા સી.આર.પી.સી ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

–ગુનાઓની પોલીસ, તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે મોટર વ્હીકલ અધિનિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી આથી સી.આર.પી.સી કલમ–૪(૨) મુજબ સી.આર.પી.સી ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

–મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ ના ગુનાના ભંગ બદલ પ્રથમ ગુના માટે છ માસ સુધીની સજા અથવા દસ હજાર રૂપિયાનો દંડ અથવા બન્ને, બીજા અને ત્યાર પછીના ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હજાર રૂપિયાનો દંડ અથવા બંન્ને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

–મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ આ અધિનિયમમાં કરવામાં આવેલ નથી માટે આ ગુનો કોગ્નીઝેબલ છે કે નોન–કોગ્નીઝેબલ છે તે નક્કી કરવા સી.આર.પી.સી. શેડ્યુલ–૧ના ભાગ–૨, ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદ્દતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન– કોગ્નીઝેબલ ગુનો

ગણાય છે અને તેથી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો પણ નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય.

– મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ માં વોરંટ વગર ધરપકડ બાબતે આપવામાં આવેલ સત્તા.

Section : 202 Power to arrest without warrant.

(1) A police officer in uniform may arrest without warrant any person who in his presence commits an offence punishable under section 184 or section 185 or section 197.

Provided that any person so arrested in connection with an offence punishable under section 185 shall, within two hours of his arrest, be subjected to a medical examination referred to in sections 203 and 204 by a registered medical practitioner failing which he shall be released from custody.

[(2) A police officer in uniform may arrest without warrant any person, who has committed an offence under this Act, if such person refuses to give his name and address].

(3) A police officer arresting without warrant the driver of a motor vehicle shall if the circumstances so require take or cause to be taken any steps he may consider proper for the temporary disposal of the vehicle.

૪. મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ માં પોલીસ ઓફિસરને વોરંટ વગર ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે પણ ધરપકડ કરવાની એક માત્ર આવી સત્તા હોવાના કારણમાત્રથી આ ગુનો કોગ્નીઝેબલ ગણાય? મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝેબલ લઈ શકે? પોલીસે કરેલ ચાર્જશીટને ફરીયાદ તરીકે ગણી શકાય? આ મુદ્દાઓ બાબતે અને મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫,૨૦૨ અને ૨૦૩ ના સીધા પરિપેક્ષમાં (૧) મેહબુબ કોયા મોઈદિન વિરૂદ્ધ રાજ્ય ૨૦૧૧ ક્રિ.લો.જ.૨૭૯૫, (૨) પોરીન્ચુ ટી.કે. વિરૂદ્ધ સ્ટેટ ઓફ કેરાલા ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૦૮૨/૨૦૧૧,(૩) સંદિપ ઈન્દ્રાવદન સાગર વિરૂદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને બીજા ૨૦૧૩ ક્રિ.લો.જ.૧૧૪૭, (૪) સીગ્મોન ઉર્ફે પ્રકાશ વિરૂદ્ધ કેરાલા રાજ્ય ૨૦૧૪ ક્રિ.લો.જ.૪૬૫૭, (૫) રાની શશાંક દોષી વિરૂદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (ડિવીઝન બેન્ચ) (૨૦૧૪)૧બીઓએમસીઆર (ક્રાઈમ) ૩૩૯, (૬) પબ્લીક પ્રોસીક્યુટર વિરૂદ્ધ એ.વી.રમીહા ૧૯૫૮ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૭૦૨/૨૦૧૧, (૭) પશ્ચિમ બંગાળ રાજ્ય વિરૂદ્ધ જોગીન્દર મલીક ૧૯૭૯ ક્રિ.લો.જ.૫૪૯, (૮) નારાયણસિંહ વિરૂદ્ધ રાજ્ય ૧૯૮૬ (૧)(ક્રાઈમ્સ) ૫૩૫ ના ચુકાદાઓમાં નામદાર વડી–અદાલતોએ ઉપસ્થિત થયેલા તમામ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરી સ્પષ્ટ રીતે એવા ન્યાયીક અવલોકનો અને નિર્ણયો કરેલ છે કે, મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે બે શરતો ઉપર આધારીત છે (૧) પોલીસ ઓફિસર યુનિફોર્મમાં હોવો જોઈએ અને ધરપકડના બે કલાકમાં રજીસ્ટર મેડીકલ પ્રેકટીશનર પાસે તેને રજુ કરવો ફરજીયાત છે.(૨) યુનિફોર્મમાં સજ્જ પોલીસ ઓફિસરની હાજરીમાં આ અધિનિયમ મુજબનો કોઈ ગુનો કરવામાં આવેલ હોય તો જ પોલીસ ઓફિસરને ધરપકડની સત્તા રહેલી છે.મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ અને ૨૦૩ માં પોલીસને ધરપકડની કોઈ અનિયંત્રીત સત્તા આપવામાં આવેલ નથી. ધરપકડની આવી સત્તા સંજોગોને અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી માટે જ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયત્રિત સત્તા હોવાના એક કારણ માત્રથી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૪,૧૮૫ અને ૧૯૭ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડયુલ–૧ ના ભાગ–૨ ના ક્રમાક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ સ્પષ્ટપણે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની પરવાનગી લિધા વગર જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે.

મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝેબલ લઈ શકે નહી. પોલીસ દ્વારા કરવામાં આવેલા આવા ચાર્જશીટને ફરીયાદ તરીકે પણ ટ્રીટ કરી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયીક અવલોકનો કરી નિર્ણયો કરેલ છે.

૫. નામદાર સુપ્રિમકોર્ટે, તીલકનગર ઈન્ડસ્ટ્રીમ લીમીટેડ વિરૂદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય ૨૦૧૧ (૧૫) એસ.સી.સી.૫૭૧, કેશવલાલ ઠાકુર વિરૂદ્ધ બિહાર રાજ્ય ૧૯૯૬ (૪) ક્રાઈમ્સ (સુપ્રિમ કોર્ટ) ૧૨૧ તેમજ નામદાર હાઈકોર્ટોએ, મણીચંદ વિરૂદ્ધ રાજ્ય ૧૯૯૯ ક્રિ.લો.જ. (દિલ્હી) ૧૫૧૨, એસ.મસ્થાન સાહેબ વિરૂદ્ધ પી.એસ.આર.અંજાને યેલ્લુ ૨૦૦૩ ક્રિ.લો.જ.૨૪૮, અરૂણકુમાર ભાર્ગવ વિરૂદ્ધ મધ્યપ્રદેશ રાજ્ય ૨૦૦૨ ક્રિ.લો.જ.૨૧, અવિનાશ મધુકર મુખેડકર વિરૂદ્ધ રાજ્ય ૧૯૮૩ ક્રિ.લો.જ.૧૮૩૩, પ્રભાકર પાન્ડુરંગ સાંજગીરી વિરૂદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય ૧૯૮૬(૧) ક્રાઈમ્સ (બોમ્બે) ૧૬૮, શિવાનંદ ગીરધર નાઈક વિરૂદ્ધ સબ ઈન્સ્પેકટર પોલીસ ૨૦૦૦ ક્રિ.લો.જ.૪૭૭૬ (બોમ્બે), મનમથાગીરી વિરૂદ્ધ ઓરીસ્સા રાજ્ય ૨૦૦૨(૧) ક્રાઈમ્સ ૪૬૪ ના કેસોમાં નામદાર અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયીક અવલોકનો કરેલ છે કે, સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨) માં કરવામાં આવેલી જોગવાઈએ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે આથી આ જોગવાઈનુ પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસ ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. સી.આર.પી.સી.ની કલમ–૪૬૧ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષિત બને છે.

૬. મોટર વ્હીકલ એક્ટની કલમ–૨૦૨ માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે કોઈ અનિયંત્રિત સત્તા આપેલ નથી. આ ધરપકડની સત્તા સંજોગોને અનુરૂપ સ્પેશ્યલ કાર્યવાહી વાસ્તેજ આપવામાં આવેલ છે. ધરપકડની આવી નિયત્રિત સત્તા હોવા માત્રથી જ મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૪,૧૮૫ અને ૧૯૭ મુજબના ગુનાઓ કોગ્નીઝેબલ બની જતા નથી. મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડ્યુલ–૧ ના ભાગ–૨ ના ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ ગુનો સ્પષ્ટપણે નોન–કોગ્નીઝેબલ ગુનો છે. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨) માં કરવામા આવેલ જોગવાઈ મુજબની યોગ્ય પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો આવી તપાસ ગેરકાયદેસર ગણાય છે,મેજીસ્ટ્રેટ આવા ગુના સબબ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. નોન–કોગ્નીઝેબલ ગુનો હોવાછતાં પોલીસ દ્વારા શરૂઆતથી જ જાણે કોગ્નીઝેબલ ગુનાની જેમ જ સી.આર.પી.સી.કલમ–૧૫૪ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુનાની જ તપાસ કરી, તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે આથી આવા ચાર્જશીટને ફરીયાદ સી.આર.પી.સી કલમ–૨(ડી) તરીકે ટ્રીટ કરી શકાય નહી. મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫,૨૦૨ અને કલમ–૨૦૨ માં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ, ઉપરોક્ત પેરા નંબર–૩ અને ૪ ના કેસ લોમાં નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટોએ કરેલ ન્યાયીક અવલોકનોના આધારે કાયદાકીય સેટલ પરિસ્થિતી ધ્યાને લેતા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનો ગુનો નોન–કોગ્નીઝેબલ ગુનો છે. સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨) ની જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનુ પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુનાનુ કોગ્નીઝન્સ લઈ શકે નહી આમ છતાં જો ગુનાનુ કોગ્નીઝન્સ લેવામાં આવે તો તે સી.આર.પી.સી.કલમ–૪૬૧ મુજબની એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષિત બને છે આવા ગુનાનુ કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવે તો તે એબ્યુસ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાર્યવાહી બને આવી કાર્યવાહી

શરૂઆતથી જ નિરર્થક(void abinitio) ગણાય છે આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યતીત કરવો ન્યાયીક રીતે પણ યથા યોગ્ય ગણી શકાય નહી. આમ આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ આ કેસની કાર્યવાહી સી.આર.પી.સી.કલમ–૨૫૮ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામા આવે છે.

–હુ ક મ–

૧. આરોપી વિરૂદ્ધ મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ મુજબના ગુન્હાની કાર્યવાહી સી.આર.પી.સી કલમ–૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ બાબતે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે, જો વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબત ઈન્કવાયરી કરી મુદ્દામાલ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સમયમર્યાદાની જોગવાઈને આધિન રહી અધિકૃત ઓથોરીટી કાયદા દ્વારા પ્રસ્થાપિત પ્રક્રિયા અનુસરીને સી.આર.પી.સી કલમ–૩૦૦(૫) મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજ તા.૨૬મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખઃ૨૬/૦૬/૨૦૨૨

સ્થળઃ–અમદાવાદ

એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર–૦૯, અમદાવાદ